-૧-

<u>જીસ્વાનથી/સમય મર્યાદા</u>

ક્રમાંક : જી–૧ (કા.×વ્ય.)/ટે.૧/પીએસએ/૧૬/ ૬૦૭
**પોલીસ મહાનિદેશક અને**
**મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,**
**ગુજરાત રાજ્ય, પોલીસ ભવન,**
**સેક્ટર–૧૮, ગાંધીનગર.**
તા. ૨૦/૦૨/૨૦૧૬

પ્રતિ
– તમામ પોલીસ કમિશનરશ્રીઓ.
– તમામ રેન્જ વડાશ્રીઓ.
– તમામ જીલ્લાઓના પોલીસ અધીક્ષકશ્રીઓ.

**<u>વિષય</u> :** પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના પરવાના માટેની અરજીઓ અંગે અભિપ્રાય મોકલવાની પ્રક્રિયા બાબતે.

પ્રાઈવેટ સિકયુરીટી એજન્સી (રેગ્યુલેશન) એકટની કલમ–૭(૩)ની વિગતે, પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીનો પરવાનો એક જીલ્લા, પાંચ જીલ્લાઓ અને સમગ્ર રાજય માટે મેળવી શકાય છે. પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના પરવાના માટેની અરજી તે પોલીસ એકમ ખાતે સ્વીકારવામાં આવે છે કે જયાં અરજદાર પોતાની એજન્સી ખોલવા ઈચ્છતા હોય. તે અરજી અંગે માત્ર સંબંધિત એકમના ના–વાંધા પ્રમાણપત્ર મેળવવાના બદલે, હાલ અત્રેથી તેવો આગ્રહ રાખવામાં આવી રહેલ છે કે અરજદાર તરફથી બે કે તેથી વધુ પોલીસ એકમોના કાર્યક્ષેત્ર માટે પરવાનાની માંગણી થવાની સ્થિતિમાં સંબંધિત તમામ પોલીસ એકમો પાસેથી ના–વાંધા પ્રમાણપત્રો મેળવીને જ તેમની દરખાસ્ત અત્રે મોકલવામાં આવે.

**૨/–** ઉપરોકત અધિનિયમની કલમ–૭(૩) અને (૪) તેમજ ગુજરાત પ્રાઈવેટ સિકયુરીટી એજન્સી રૂલ્સ–૨૦૦૭ના નિયમ–૩(૩) જોતાં, કંટ્રોલીગ ઓથોરીટી માટે માત્ર તે જ પોલીસ એકમના વડા પાસેથી ના–વાંધા પ્રમાણપત્ર મેળવવાની આવશ્યકતા છે કે જેના કાર્યક્ષેત્રમાં અરજદાર પોતાની એજન્સી સ્થાપિત કરવા માંગતા હોય. જેથી, **હવેથી પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના પરવાનાની અરજી <u>એકથી વધુ જીલ્લાઓ માટે કરાયેલ હોય તો પણ</u> અરજદારની અરજી અંગેનો અભિપ્રાય અને ના–વાંધા પ્રમાણપત્ર માત્ર તે જ પોલીસ એકમના વડા તરફથી અપેક્ષિત રહેશે કે જેના વિસ્તારમાં એજન્સીની ઓફિસ સ્થાપિત થવાની હોય.**

**૩/–** આપના હસ્તક <u>એકથી વધુ જીલ્લાઓ માટેની કોઈ અરજીઓ અન્ય પોલીસ એકમોના અભિપ્રાય/ના–વાંધા પ્રમાણપત્ર માટે હાલ પડતર હોય તો</u>, હવે તેઓના પ્રતિભાવની રાહ જોયા વગર તે તમામ અરજી પ્રકરણો આપના પોતાના અભિપ્રાય સહિત **<u>દિવસ–૭માં</u>** <u>અત્રે મોકલી આપવા</u> જણાવવામાં આવે છે.

**૪/–** **વધુમાં**, પૂર્વોકત અધિનિયમની કલમ–૭(૩)માં જીલ્લાઓની સંખ્યાના ધોરણે લાયસન્સ ફી નિર્દિષ્ટ કરવામાં આવેલ છે અને કમિશનરેટ વિસ્તારોનો સમાવેશ જે તે મહેસૂલી જીલ્લા વિસ્તારમાં થવાને પાત્ર હોવાથી, હવેથી અમદાવાદ

શહેર અને અમદાવાદ ગ્રામ્ય/સુરત શહેર અને સુરત ગ્રામ્ય/વડોદરા શહેર અને વડોદરા ગ્રામ્ય/રાજકોટ શહેર અને રાજકોટ ગ્રામ્ય વિસ્તારોને (બેના બદલે) અનુક્રમે અમદાવાદ જીલ્લા/સુરત જીલ્લા/વડોદરા જીલ્લા/રાજકોટ જીલ્લા તરીકે એક-એક એકમ ગણીને ફી વસૂલ લેવા નોંધ રાખવા પણ જણાવવામાં આવે છે.

૫/— અત્રેથી લાયસન્સ મેળવ્યા બાદ કોઈ લાયસન્સ ધારક પોતાની એજન્સીનું સરનામું (સંબંધિત એકમમાં અન્યત્ર કે અન્ય પોલીસ એકમ ખાતે) બદલવા ઈચ્છતા હોય તો, પરવાનામાં તેમની એજન્સીનું નવું સરનામું આમેજ કરવા માટેની અરજી રીન્યુઅલની તારીખ સુધી નહી સ્વીકારવાની અત્રેની હાલની સૂચના પણ આથી રદ કરવામાં આવે છે. **કોઈ પણ પરવાનેદાર તેમની એજન્સીનું સરનામું બદલાવવા માંગતા હોય તો, તેમનું અસલ લાયસન્સ અને અરજી અત્રેની કચેરીને ગમે ત્યારે આગળની કાર્યવાહી અર્થે મોકલી શકાશે.**

૬/— અત્રેથી લાયસન્સ મેળવ્યા બાદ કોઈ લાયસન્સ ધારક પોતાની એજન્સીનું કાર્યક્ષેત્ર તે લાયસન્સની રીન્યુઅલ તારીખ પૂર્વે વિસ્તારવા માંગતા હોય તો, તેના માટે પણ હવેથી રીન્યુઅલ તારીખ સુધી રાહ જોવાની રહેશે નહી. **કોઈ પણ પરવાનેદાર તેમની એજન્સીનું કાર્યક્ષેત્ર વધારવા માટે ગમે ત્યારે (કલમ—૭(૩) તળે લાગુ પડતી ફી સાથે) રીન્યુઅલના તબકકે અપનાવવાની થતી પ્રક્રિયા પ્રમાણેની અરજી કરી શકશે.** તે મુજબની અરજી થયેથી સંબંધિત એકમના વડાએ તે જ પ્રક્રિયા અપનાવવાની રહેશે કે જે તેઓએ પરવાનો તાજો કરવાના પ્રસંગોએ અપનાવવાની થાય છે.

૭/— કોઈ પણ અરજદાર તરફથી તમામ માહિતી/દસ્તાવેજો/ફી સાથેની અરજી જે તારીખે રજૂ થયેલ હોય, તે તારીખથી દિવસ—૬૦માં કંટ્રોલીગ ઓથોરીટી તરફથી લાયસન્સ આપવા/નકારવા અંગેનો નિર્ણય લેવાની બાબત પૂર્વોકત અધિનિયમની કલમ—૭(૪)થી ફરજીયાત બનાવવામાં આવેલ છે. કાયદાથી નિર્દિષ્ટ થયેલ સમયમર્યાદામાં નિર્ણય લેવાનું અત્રેના માટે શકય રહે, તે માટે **તમામ એકમોએ <u>વધુમાં વધુ દિવસ—૪૦માં</u> અરજદારની અરજી અંગેની અપેક્ષિત ચકાસણી/ખરાઈ પૂર્ણ કરીને પોતાના અભિપ્રાય/ના—વાંધા પ્રમાણપત્ર અત્રેની કચેરીને અચૂક મોકલી આપવાના રહેશે.**

**( તીર્થ રાજ )**
કંટ્રોલીગ ઓથોરીટી અને
અધિક પોલીસ મહાનિદેશક
(કાયદો અને વ્યવસ્થા), ગુ.રા., ગાંધીનગર